# <u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૦૮/૨૦૨૫</u>
# <u>અરજદારની આંક–૨ ની વચગાળાની ભરણપોષણની અરજી લગત હુકમ.</u>

(૧) આ કામના અરજદાર દ્વારા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૨ મુજબ ભરણપોષણ મેળવવા માટે આંક–૧ હેઠળ અરજી કરેલ છે અને તે અરજી અન્વયે આંક–૨ થી હાલની વચગાળાનું ભરણપોષણ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તા.૬/૧૨/૨૦૨૩ ના રોજ બામણાસા ખાતે થયેલ. લગ્ન બાદ અરજદારના પિતા તરફથી આપવામાં આવેલ કરીયાવર અને કુટુંબ તરફથી મળેલ ભેટ સોગાદો તથા તેઓનુ સ્ત્રીધન લઈ સામાવાળા સાથે સંયુકત પરીવારમાં લગ્ન હકકો ભોગવવા પીસડી મુકામ ખાતે ગયેલા. ત્યારબાદ સામાવાળા નં.૧ ના અરજદાર ઉપર ચારીત્રય અંગે શંકાઓ કરવા લાગેલા અને સામાવાળા નં.૨ ના અરજદારના લગ્ન સમયે તેઓના માતા પિતાને વહેલા લગ્ન કરવાનુ કહેતા તેઓના માતાપિતાની ગરીબ પરિસ્થિતિ હોવાથી આ કામના સામાવાળા નં.૧ તથા ૨ એ કહેલ કે, અમો અત્યારે અમારા છોકરાના લગ્ન કરવા માંગીએ છીએ અને અમો તમને ઉછીના રૂપિયા આપીએ છીએ જે માટે અરજદારના માતા પિતાને રૂા.૪૦,૦૦૦/– લગ્ન કરવા માટે આપ્યા હતા. જેમાં હાલ અરજદારના માતા પિતાએ રૂા.૨૦,૦૦૦/– પરત આપી દીધેલ અને રૂા.૨૦,૦૦૦/– આપવાના હોય તે બાબતે મેણા ટોણા મારતા અને ધમકી પણ મારતા એમ પણ કહેતા કે તુ તો ભુખેલ માબાપની દીકરી છે, તારી તારા બાપને તો લગ્ન કરવાની ત્રેવડ નથી અને કરીયાવર તારા બાપે ભંગાર જેવો આપેલો છે અને સામાવાળા નં.૩ અરજદારના સાસુ રસોઈ બાબતે તેઓને કહે કે તને કંઈ આવડતુ નથી, તારા માતા પિતાએ તને કંઈ શીખવાડયુ નથી એવા મેણા મારવા લાગેલા અને સામાવાળા નં.૧ ના અરજદારને હાલતા ચાલતા ગાળો ગલોચ આપતા અને અરજદાર સામુ બોલે તો ઢીકાપાટુનો માર પણ મારતા તેમ છતા અરજદાર તેમનુ તથા તેમના માતા પિતાના ભવિષ્યનો વીચાર કરી મુંગા મોઢે સહન કરતા અને સામાવાળાઓના વર્તન વ્યવહારમાં ભવિષ્યમાં સુધારો આવશે અને સુખરૂપ લગ્ન જીવન જીવી શકશે તે

આશાએ અરજદાર અસહય ત્રાસ સહન કરતા આવેલ અને અરજદાર સામાવાળા સાથે સારી રીતે વર્તન કરવા પ્રયાસ કરતા આવેલ છતા સામાવાળાઓનુ વર્તન અરજદાર પ્રત્યે હંમેશા ઉપેક્ષાયુકત રહેતુ આવેલ છે. અરજદારને સામાવાળા નં.૩ ના કાકા મોટા બાપાના દીકરા જે અરજદારના મામાજી સસરા થાય તેનો ફોન આવતા અરજદારની ખુશી સમાચાર પુછતા અને ફોન ઉપર વાત કરતા હતા ત્યારે સામાવાળા નં.૩ અરજદારના સાસુ અને સસરા અરજદારના પતિને ઉશ્કેરણી કરતા કે આનો ફોન તારા મામા સાથે ચાલુ હોય અને આ તારા મામા સાથે વાતો કરે છે અને તેના આડા સંબંધ છે જેથી આ કામના સામાવાળા નં.૧ એકદમ ઉશ્કેરાટમાં આવી જાય અને અરજદારને ઢોર માર મારતા અને આવી બાબતે શંકાઓ આ રીતે કરી અરજદારની સાથે ઝઘડો કરતા. આવી રીતે અરજદારને દુ:ખ ત્રાસ આપતા હોય જેથી અરજદાર તેમના પીયર જતા રહેતા તો અરજદારને મરી જવાની ધમકી આપેલ અને કહેલ કે તુ તારા પીયરમાં રોકાય તો હું દવા પી ને મરી જઇશ એટલે અરજદાર સમાધાન કરી પાછા આવેલ તેમ છતા સામાવાળા સમજેલ નહી અને અરજદારને એવો જ દુ:ખ ત્રાસ આપવાનુ ચાલુ રાખેલ અને અવારનવાર સમાધાન કરીને તેડી જાય અને તો પણ તેનુ વર્તન એવુ જ રહેલ. આ કામના સામાવાળા અરજદારને એકાદ વર્ષ પહેલા તેઓના સાસુ સસરા તથા તેઓના પતિએ કહેલ કે હવુ તમારુ અંહી કોઇ કામ નથી તમે તમારા માવતરે જતા રહો. જેથી અરજદારે કહેલ કે, હવે અમે કયા જઇએ અમારુ તો આ જ ઘર છે. જેથી સામાવાળાએ તેઓના માવતર સામે ભુંડી ગાળો દેવા લાગેલ. જેથી અરજદારે ગાળો દેવાની ના પાડતા સામાવાળાએ એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને અરજદારને મારકુટ કરવા લાગેલ અને અરજદારને પહેરેલ કપડે બધા જ દરદાગીના ઉતારી લઇ ઘરમાંથી કાઢી મુકેલ અને કહેલ કે તારુ અંહી શું કામ છે હવે જો આ ઘરમાં પગ મુકીશ તો જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપી અરજદારને ઘર બહાર કાઢી મુકતા નિ:સહાય અને નિર્ધન હાલતમાં બામણાસા મુકામે તેઓના પિતાને ત્યાં જતા રહેલા અને ત્યારથી અરજદાર તેમના માવતર બામણાસા મુકામે રહી ઓશીયાળુ જીવન જીવે છે અને તેઓને આવકનુ કોઇ સાધન નથી. સામાવાળા નં.૧ સુરતમાં હીરાના કારીગર હોય અને હીરા ઘસવાનુ કામ કરી માસીક રૂા.૪૫,૦૦૦/– તથા અરજદારના સસરા સામાવાળા નં.ર હીરા ઘસવાનુ કામ કરી રૂા.૩૦,૦૦૦/– જેવી આવક મેળવે છે. આમ સામાવાળાઓની કુલ આવક રૂા.૭૫,૦૦૦/– જેવી છે અને પીસડી મુકામે

ઘરના મકાન છે. જેથી ઉપરોકત તમામ હકીકતો જણાવી આ કામના સામાવાળા નં.૧, ૨ અરજદારને વચગાળાના ભરણપોષણ પેટે, ખર્ચાઓ પેટે માસીક રૂા.૨૦,૦૦૦/– દર માસે નીયમીત ચુકવી આપે તેવો વચગાળાનો હુકમ થવા અરજ ગુજારેલ છે.

(૩) ત્યારબાદ આ કામના સામાવાળા વિરૂદ્ધ નામદાર કોર્ટ દ્વારા નોટીસની બજવણી કરવામાં આવેલ છે જે નોટીસ સામાવાળાને બજી જતા સામાવાળા પોતાના વકીલ મારફતે હાજર થયેલ છે. સામાવાળા દ્વારા આંક–૧૦ થી અરજદારની વચગાળાની અરજીનો લેખિત જવાબ આપેલો છે જેમાં અરજદારની અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી એવી હકીકત જણાવેલ છે કે, આ કામના અરજદાર સાથે સામાવાળા નં.૧ ના તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ લગ્ન થયેલ હોય ત્યારથી જ આ કામના અરજદાર તથા તેમના માતા પિતા અને ભાઈ વિજયભાઈ સામાવાળા પાસે ઈરાદાપુર્વક પૈસાની માંગણી કરતા હોય જે તેઓ સંતોષી ન શકતા અરજદાર અવારનવાર ઝઘડાઓ કરી પોતાના પીયર ચાલ્યા જતા હતા. ત્યારબાદ તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ જામવાળા ગામના રહીશ સંજયભાઈ લાખાભાઈ સરવૈયા અરજદારને પોતાના પીયર લઈ ગયેલ હોય. આમ લગ્ન તારીખથી તા.૨૬/૦૮/૨૦૨૪ સુધીમાં અરજદાર માત્ર ૪૦ થી ૫૦ દિવસ સામાવાળાના ઘરે રહેલ છે. તે દરમ્યાન પણ સામાવાળા નં.૧ સાથે લગ્ન સહવાસના સંબંધો પણ બાંધેલ નથી કે સંતાન પ્રાપ્તી અંગેની સહમતી પણ દર્શાવેલ નથી. આમ પ્રથમથી જ અરજદારને મો.નં.૮૧૪૧૫૫૨૮૬૪ વાળા ઈસમ સાથે પ્રેમ સંબંધો હોય, જેથી સામાવાળા નં.૧ નુ ઘર ન ચલાવવાના ઈરાદાથી સામાવાળા નં.૧, ૨ અને ૩ ને ખોટી રીતે પોલીસ ફરીયાદો કરવાની અને આત્મહત્યા કરી લેવાની ધમકીઓ આપી સમાજ માંથી માન–મોભો હણાય તેવી પ્રવૃતિઓ કરી માનસીક ત્રાસ ગુજારેલ છે. આ કામના અરજદાર શારીરીક અને માનસીક સ્વસ્થ હોય અને હાલ પોતાના માતા–પિતાને ત્યાં રહી ખેતમજુરી કામ કરી પોતાનુ ભરણપોષણ કરે છે અને સન્માનપુર્વક જીવન જીવે છે. જેથી અરજદારની વચગાળાની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કામે અરજી નિર્ણિત કરતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે, આ કામના અરજદારએ સામાવાળાના પત્ની છે. આમ, સામાવાળા સાથે અરજદારે લગ્નજીવનના હક્કો પુરા કરેલ છે. આમ, અરજદાર તથા સામાવાળા એક જ કુટુંબમાં અને એક જ છત નીચે સાથે રહેલા છે. તે ઉપરાંત સી.આર.પી.સી.ની કલમ–૧૨૫ માં વચગાળાના હુકમ માટે આપવામાં આવેલ વ્યાખ્યાઓ ધ્યાને લેવી જરૂરી છે.

જ્યારે અરજદાર ભરણપોષણની અરજી કરે ત્યારે અરજી ચાલતા દરમ્યાન સુનાવણી થઇ હુકમ થતા સુધી દરમ્યાન સામાવાળા પાસે ભરણપોષણ માંગી શકે છે. અરજદારને તે દરમ્યાન લાચારી ભોગવવી ન પડે, ભુખમરો સહન કરવો ન પડે, તે એકમાત્ર હેતુ છે. પોતે કફોડી હાલતમાં હોવાનું અરજદારે અરજીમાં જણાવવું જોઇએ અને તે મુજબનું સોગંદનામું કરીને અરજમાં સાથે રજુ કરવુ જોઇએ. પોતાનો કેસ/અરજી પ્રથમદર્શનીય છે તેવું સોગંદ ઉપર અરજદારે જણાવવું જોઇએ. જો નામદાર કોર્ટને સંતોષ થાય તો કારણોની નોંધ કરી ભરણપોષણનો હુકમ કરી શકે છે. તેવો એકપક્ષીય પણ હુકમ કરી શકાય અગર સામાવાળાને તે બાબતે અરજન્ટ નોટીસ કરી સુનાવણી કરી અરજીની તારીખથી વ્યાજબી–વચગાળાની રકમ સામાવાળાને અરજદારને ચુકવવા મુખ્ય અરજનો હુકમ થાય ત્યાં સુધી વ્યાજબી રકમનો હુકમ કરી શકે છે અને આવો હુકમ કરવાની આ કલમ હેઠળ મેજીસ્ટ્રેટને ગર્ભીત સત્તા છે. વચગાળાના હુકમ સામે રીવીઝન કરી શકાય છે. જો સામાવાળા વચગાળાની અરજીના હુકમ મુજબ ભરણપોષણની રકમ જમા ન કરે તો બચાવનો હક્ક નામદાર કોર્ટ અટકાવશે.

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ તથા અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, આ કામના અરજદારના લગ્ન સામાવાળા સાથે થયેલા હોવા બાબતે કોઇ તકરાર રહેલી નથી. વધુમાં સામાવાળા દ્વારા તેઓના જવાબમાં અરજદારે સામાવાળા સામે ખોટી હકીકતોવાળી હાલની અરજી કરેલ હોવાનું જણાવેલ છે. અરજદાર પક્ષે એવી તકરાર લેવામાં આવી છે કે, સામાવાળાએ તેઓને શારિરીક માનસિક દુઃખત્રાસ આપેલ છે. હાલ વચગાળાની અરજી નિર્ણીત કરવાની છે. આ તબક્કે કોઇ પુરાવો બંન્ને પક્ષોએ

રજુ થયેલ હોય નહીં, માત્ર બંન્ને પક્ષોના પ્લીડીંગ તેમજ રજુ દસ્તાવેજી પુરાવાઓ પરથી વચગાળાની કોઇ રાહત અરજદારને મળવાપાત્ર છે કે કેમ? તે બાબતે નિર્ણીત કરવાનું રહે છે.

આ કામે અરજદારના સામાવાળા પતિ થતા હોવા બાબતે કોઇ તકરાર રહેલી નથી. તે ઉપરાંત અરજદારની અરજીની હકીકતો પ્રમાણે સામાવાળા દ્વારા અરજદારને ત્રાસ આપવામાં આવેલો છે તે અરજદારની અરજી જોતા જણાય આવે છે. વધુમાં અરજદારના પતિ દ્વારા અરજદારને અવારનવાર શારિરીક તથા માનસિક યાતનાઓ આપેલ હોવાનું અરજદારની અરજીની હકીકત જોતા જણાય આવે છે. આ કામે અરજદાર દ્વારા તેઓની અરજીમાં સામાવાળાની સામે જે આક્ષેપો કરેલા છે અને સામાવાળાની આવક બાબતે જે કથનો કરેલા છે તે સંબંધે અરજદાર દ્વારા કોઇ પુરાવો રજુ કરાયેલ નથી. અરજદારના જણાવ્યા મુજબ સામાવાળા નં.૧ સુરતમાં હીરાના કારીગર હોય અને હીરા ઘસવાનુ કામ કરી માસીક રૂા.૪૫,૦૦૦/– તથા અરજદારના સસરા સામાવાળા નં.ર હીરા ઘસવાનુ કામ કરી રૂા.૩૦,૦૦૦/– જેવી આવક મેળવે છે. આમ સામાવાળાઓની કુલ આવક રૂા.૭૫,૦૦૦/– જેવી છે અને પીસડી મુકામે ઘરના મકાન છે. પરંતુ આ સંબંધે અરજદારના મૌખિક આક્ષેપ સિવાય બીજો કોઇ પુરાવો નથી. આમ, અરજદાર દ્વારા સામાવાળાની આવક બાબતે જે કથનો કરેલા છે તે અને સામાવાળાની ચોક્કસ આવક પુરાવાનો વિષય હોય અને પુરાવો લીધા વગર નક્કી કરી શકાય તેમ નથી, પરંતુ સામાવાળાએ પણ પોતાની આવક બાબતે કોઇ જ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. વધુમાં અરજદાર દ્વારા હાલની વચગાળાની અરજીમાં જે દાદ માંગેલ છે તે અંગે અરજદાર દ્વારા કોઇ જ દસ્તાવેજી આધાર પુરાવા આ કામે રજુ કરેલ નથી.

વધુમાં અરજદારના લગ્ન બાદ સામાવાળા સાથે તેઓના સાસરે રહેવા ગયેલ હોવા બાબતે કોઇ તકરાર નથી. અરજદાર સામાવાળા સાથે રહેતા આવેલા છે. જે હકીકતે જ્યારે અરજદાર ના પતિ તરીકે સામાવાળા હોય ત્યારે અરજદારનું ભરણપોષણ કરવાની સંપુર્ણ જવાબદારી સામાવાળાની રહેલી છે. જે હકીકતે સામાવાળા અરજદારને માસિક ભરણપોષણની રકમ ચુકવી આપવા બંધાયેલા છે. અરજદારએ તેઓની અરજીમાં સામાવાળા પાસેથી વચગાળાની રાહતની માંગણી કરેલ છે. વધુમાં એ હકીકત નોંધવી જરૂરી છે કે, હાલની અરજી અરજદારે ડોમેસ્ટીક

વાયોલન્સ એકટની કલમ–૧૨ અન્વયે દાખલ કરેલી છે અને આ કાયદામાં નામદાર કોર્ટને વચગાળાના ભરણપોષણનો હુકમ કરવાની સત્તા રહેલી છે. પરંતુ સાથોસાથ નામદાર કોર્ટે ભરણપોષણની રકમ નક્કી કરતા સમયે અન્ય કોઈ કાયદા હેઠળ અરજદારને જો કોઈ ભરણપોષણની રકમ ચુકવવામાં આવતી હોય તો તે પણ ધ્યાને લેવાની રહે છે. આ કામે સામાવાળા દ્વારા અરજદારને કોઈ જ પ્રકારના ભરણપોષણની વ્યવસ્થા કરવામાં આવેલ નથી. આ કામે અરજદાર દ્વારા સામાવાળાની આવક બાબતે જે કથનો કરેલા છે તે કથનો બાબતે અરજદાર દ્વારા કોઈ ચોક્કસ આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારના ભરણપોષણની રકમ ચુકવવી ન્યાયોચિત હોઈ જેથી સામાવાળા અરજદારનું ભરણપોષણ કરવા કાયદેસર રીતે બંધાયેલા હોવાનું જણાય આવે છે.

(૬) વધુમાં અરજદાર હાલ તેના માતા–પિતા પાસે રહે છે. અરજદાર દ્વારા તેઓની અરજીમાં આ કામના સામાવાળાની આવક બાબતે જે કથન કરેલ છે તે બાબતે કોઈ ચોક્કસ આધાર પુરાવા રજુ કરેલ નથી, પરંતુ સામાવાળા ચોકકસ આવક મેળવતા હોવાની હકીકત પ્રાયમાફેસી પુરવાર થયેલ છે. વધુમાં આ કામના અરજદાર પોતે કોઈ આવકનું સાધન ધરાવતા હોવાનું સામાવાળા દ્વારા રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. વધુમાં અરજદાર દ્વારા હાલની અરજીમાં માંગેલ અન્ય દાદ વધુ પુરાવો લઈને જ નિર્ણિત થઈ શકે તેમ હોય અરજદાર હાલ ભરણપોષણ સિવાયની અન્ય કોઈ જ દાદ મેળવવા હક્કદાર થતા ન હોય. આમ, ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા અરજદારની આંક–૧ ની અરજીમાં માંગેલ આંક–૨ હેઠળ વચગાળાની દાદ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –|| <u>હુકમ</u> ||–

- આ કામે અરજદારની આંક–૨ મુજબની વચગાળાની દાદ આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- આ કામના સામાવાળાનાને અરજદારને ભરણપોષણ પેટે મહીને રૂા.૧,૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) અરજીની તારીખથી સદરહું કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

– આ હુકમની એક નકલ અરજદારને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા.૨૯ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૨૯–૦૪–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.